## અમદાવાદ(રુરલ)ના મહે. ત્રીજા એડી.સિનિયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.નવરંગપુરા, અમદાવાદ.

ક્રીમીનલ કેસ નં. ૬૪૨૧/૨૦૧૯
આંક : ૧૪

**ફરીયાદીઃ** શ્રી સરકાર

વિરૂદ્ધ

**આરોપીઃ** મંગાજી લાલજી ઠાકોર

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

**ગુનોઃ– પ્રોહી. એક્ટની કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબ.**

**ચુ કા દો**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદમાં આક્ષેપ કર્યા મુજબ તારીખે, સમયે અને જગ્યાએ પોતાના કબજા ભોગવટામાંથી દેશી દારૂ ગેરકાયદેસર રીતે રાખી પ્રોહી. રેઈડ દરમિયાન મળી આવી ઉપરોક્ત મુજબનો ગુના કરેલ છે.

૨. જે અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનને નોંધાવી જરૂરી તપાસ કરી આરોપીને અટક કરેલ અને આરોપી સામે ગુનો બન્યાનું જણાતાં આ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી સારૂ ચાર્જશીટ રજૂ કરેલ છે.

૩. આરોપી આજરોજ મારી સમક્ષ હાજર થતાં પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતાં હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારૂં છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

૪. વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી મધ્યમ વર્ગના માણસ છીએ અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષમાં લેવામાં આવેલ છે. વધુમાં આ કામના આરોપી અન્ય ગુનાના કામે જેલમાં હોય અને હાલના ગુનામાં કબુલાત કરતાં હોય અને તેઓએ હાલના ગુનામાં દયાની અરજ ગુજારેલ છે. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–: આ ખ રી હુ ક મ :–**

(૧) ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે પ્રોહી.એકટ કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન : ૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામલ પાવતીમાં જણાવેલ દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો તથા મુદ્દામાલ મોઈબાલ અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ કાયમ રાખવો.

આ હુકમ આજરોજ તા. ૦૯, માહે. ડિસેમ્બર, સને ૨૦૨૩ ના રોજ લોકઅદાલત માં જાહેર કર્યો.

તા. ૦૯/૧૨/૨૦૨૩
સ્થળઃ અમદાવાદ.

**(આર. એ. ઝાલા)**
**ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ (ગ્રામ્ય)**
**Judge Code.GJ-00938**

જી.એસ.મકવાણા